SAMSUNG

# સેમસંગે ભારતમાં ગેલેક્સી ટેબ A 2017 લોંચ કર્યું, જે તમને શ્રેષ્ઠ મનોરંજન પૂરું પાડે છે

- *ગેલેક્સી ટેબ A 2017 શ્રેષ્ઠ ડિસ્પ્લે, લાંબો સમય ચાલતી બેટરી અને સેમસંગની મુખ્ય ખાસિયત બિક્સબી હોમ સાથે સજ્જ છે*
- *મેટલિક ડિઝાઇન, એલઇડી ફ્લેશ સાથે સંવર્ધિત કેમેરા, ગેમ લોંચર જે ગેલેક્સી ટેબ A 2017ને આવશ્યક મલ્ટિમીડિયા ડિવાઇઝ બનાવે છે*

નવી દિલ્હી, ભારત – 10 ઓક્ટોબર, 2017 – દેશની સૌથી મોટી અને અતિ વિશ્વસનિય કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ ઇન્ડિયાએ આજે ગેલેક્સી ટેબ A 2017 લોંચ કર્યું હતું, જે તમારાં માટે મનોરંજનનો આદર્શ સાથીદાર છે. ગેલેક્સી ટેબ A 2017 સંપૂર્ણ મનોરંજન ઉપકરણ છે, જે વાઇબ્રન્ટ 8 ઇંચ ડિસ્પ્લે ધરાવે છે, આખો દિવસ ચાલે તેટલી બેટરી સાથે હાઈ પર્ફોર્મન્સ આપે છે, જે તમારી તમારાં અંગત મનોરંજન માટેની જરૂરિયાત પૂર્ણ કરે છે.

મનોરંજનનું પાવરહાઉસ ગેલેક્સી ટેબ A 2017 ઉત્કૃષ્ટ 8-ઇંચ 480 નિટ બ્રાઇટ ડિસ્પ્લે ધરાવે છે, જે તમે સૂર્યપ્રકાશમાં હોવ તો પણ સ્ક્રીન પર જોવાની સુવિધા આપે છે. તે પાવરફૂલ અને લાંબો સમય ચાલતી 5000 એમએએચ બેટરી ધરાવે છે, જે 14 કલાક સુધી નોન-સ્ટોપ મલ્ટિમીડિયા વપરાશ માટે સક્ષમ બનાવે છે. ગેલેક્સી ટેબ A 2017 ફ્લેગશિપ ફીચર બિક્સબી હોમ પણ ધરાવે છે, જે ઉપભોક્તાઓને એક સ્વાઇપ સાથે અને કોઈ પણ એપ ખોલ્યાં વિના તમે જે શોધતા હોય એ મેળવવા સક્ષમ બનાવે છે. બિક્સબી તમને રુટિન શીખવે છે, જેથી જ્યારે તમારે જરૂર હોય ત્યારે તમે યોગ્ય કન્ટેન્ટ ધરાવશો. સમય અને સ્થાન દ્વારા તમારી એપનાં વપરાશમાં પેટર્ન માટે બિક્સ્બી તમે શું શોધો છો એનો અંદાજ મેળવી શકો છો, જે તમને તમારાં ઉપકરણનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની સુવિધા આપે છે.

***સેમસંગ ઇન્ડિયાનાં મોબાઇલ બિઝનેસનાં ડિરેક્ટર શ્રી વિશાલ કૌલે*** કહ્યું હતું કે, *"સેમસંગમાં અમે હંમેશા ઉપભોક્તાઓની જરૂરિયાતો સમજીએ છીએ અને એને અનુરૂપ ડિવાઇઝ બનાવીએ છીએ, જે વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરે છે. ગેલેક્સી ટેબ A 2017 શ્રેષ્ઠ ડિસ્પ્લે, પાવરફૂલ પર્ફોર્મન્સ અને મલ્ટિમીડિયા અનુભવનો સુભગ સમન્વય છે. તે સંપૂર્ણ અને ગુણવત્તાયુક્ત મનોરંજનનો અનુભવ મેળવવા ઇચ્છતાં ઉપભોક્તાઓને લક્ષ્યાંક બનાવે છે. ગેલેક્સી ટેબ A અમને દેશમાં બજારમાં અમારી લીડરશિપને મજબૂત કરવામાં મદદ કરશે."*

નવું ટેબ્લેટ કિડ્સ મોડ સાથે આવે છે, જે ડિજિટલ પ્લેગ્રાઉન્ડ છે તથા તે બાળકો માટે સલામત અને ગમ્મત સાથે જ્ઞાનનો અનુભવ આપે છે. કિડ્સ મોડ માતાપિતાઓ અને બાળકોને કાળજીપૂર્વક તૈયાર કરેલ લાઇબ્રેરી ઓફર કરે છે, તેમને જોડે છે, નવા અનુભવ માટે દર મહિને ઉમેરાતી નવી સામગ્રી સાથે મનોરંજન ગેમ્સ પ્રદાન કરે છે. સર્વિસ બાળકોને તેમનાં મનપસંદ પાત્રો, ગેમ્સ અને કન્ટેન્ટ માતાપિતાનું નિયંત્રણ હોય એવા વાતાવરણમાં પૂરું પાડે છે, જેમાં માતાપિતાઓ તેમનાં બાળકનાં રસનાં વિષયને ઓળખી શકે છે તથા એપનાં વપરાશનાં સમયનું નિયંત્રણ કરી શકે છે.

ગેલેક્સી ટેબ A 2017 સરળ ખૂણાઓ ધરાવે છે, જેથી તેને પકડવું સુવિધાજનક છે. વળી તે મેટલ બ્લેક છે, જેથી તેનો દેખાવ વધારે પ્રીમિયમ થાય છે. તેનું વજન ફક્ત 364 ગ્રામ છે. આ ઉપકરણ સેમસંગનાં લોકપ્રિય ફીચર સાથે સજ્જ છે, જેમ કે 1) બ્લૂ લાઇટ ફિલ્ટર, જે બ્લુ લાઇટ ઉત્સર્જનને ઘટાડે છે અને ચિંતામુક્ત ઊંઘ લેવામાં મદદરૂપ છે. 2) સ્માર્ટ વ્યૂ, જે યુઝર્સને ટેલીવિઝન સાથે ગેલેક્સી ટેબ A 2017ને વાયરલેસ જોડાણ માટે સક્ષમ બનાવે છે અને તેઓ મોટી સ્ક્રીન પર વીડિયો, પિક્ચર્સ કે અન્ય કન્ટેન્ટ

જોઈ શકે છે 3) સેમસંગ ફ્લો, જે ઓટોમેટિક ગેલેક્સી ટેબ A 2017ને અન્ય ગેલેક્સી ઉપકરણો સાથે ટીથર કરે છે અને તેમની વચ્ચે સાતત્યપૂર્ણ રીતે સ્વિચ કરે છે. 4) ગેમ લોંચર, જે ગેમ્સ માટે અલ્ટિમેટ કન્ટ્રોલ સેન્ટર છે. ગેમ લોન્ચર સાથે તમે એક અનુકૂળ સ્થાને તમારા ગેમ જોઈ શકો છો, એલર્ટ મ્યુટ કરી શકો છો, અન્ય બટન ડિસેબલ કરી શકો છો, જેથી તમારાથી એકાએક ગેમ અટકી જતી નથી અને તમે સતત ગેમ માણી શકો છો.

ક્વાલકોમ® પ્રોસેસર (1.4 ગીગાહર્ટ્ઝ ક્વેડ), 2 જીબી રેમ અને 16જીબી ઇન્ટરનલ મેમરી (એક્ષ્પાન્ડેબલ વાયા માઇક્રો એસડી 256જીબી સુધી) દ્વારા પાવર્ડ ગેલેક્સી ટેબ A 2017 એન્ડ્રોઇડ નોગટ પર ચાલે છે. તેનાથી પર્ફોર્મન્સ વધે છે અને ટેબ A 2017 પોતાનાં 8એમપી (એફ1.9) એલઇડી ફ્લેશ રિઅર કેમેરા અને 5એમપી (એફ2.2) ફ્રન્ટ કેમેરા સાથે દરેક ક્ષણને યાદગાર બનાવે છે, જે સ્પષ્ટ, ઉજ્જવળ ફોટો આપે છે. ઓછા પ્રકાશમાં પણ તમે બ્રાઇટ લેન્સ સાથે ફોટો લઈ શકો છો અને નવી ફ્લેશ ઉમેરી શકો છો. એચડીઆર મોડ સાથે તમારાં ફોટો શેડો અને હાઇલાઇટ વચ્ચે કુદરતી સંતુલન સાથે આકર્ષક બનશે.

## કિંમત અને ઉપલબ્ધતા

ગેલેક્સી ટેબ A 2017 રૂ. 17,990માં ઉપલબ્ધ થશે અને બે કલર – ગોલ્ડ અને બ્લેકમાં આવશે. તે 10 ઓક્ટોબર, 2017થી તમામ રિટેલ સ્ટોર્સમાં ઉપલબધ થશે.

ગેલેક્સી ટેબ A યુઝર્સને 1 વર્ષ માટે એક્સ્ટ્રા 180 જીબી 4જી ડેટા મળશે, જે રિલાયન્સ જિઓમાંથી પ્રાપ્ત થશે. 10 ઓક્ટોબરથી 9 નવેમ્બર, 2017 વચ્ચે ગેલેક્સી ટેબ A ખરીદનાર ઉપભોક્તાઓ વન-ટાઇમ સ્ક્રીન રિપ્લેસમેન્ટનો લાભ લેવાને પાત્ર પણ બનશે.

## સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ કંપની લિમિટેડ વિશે

સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ કંપની લિમિટેડ પરિવર્તનકારક વિચારો અને ટેકનોલોજીઓ સાથે દુનિયાને પ્રેરિત કરે છે અને ભવિષ્યને નવી દિશા પૂરી પાડે છે. કંપની ટીવી, સ્માર્ટફોન, વેરેબલ ડિવાઇઝ, ટેબ્લેટ્સ, ડિજિટલ ઉપકરણો, નેટવર્ક સિસ્ટમ અને મેમરી, સિસ્ટમ એલએસઆઇ તથા એલઇડી સોલ્યુશન્સની દુનિયાને નવેસરથી વ્યાખ્યાયિત કરી રહી છે. નવીન જાણકારીઓ મેળવવા કૃપા કરીને સેમસંગના ન્યૂઝરૂમની મુલાકાત લોઃ news.samsung.com/in. હિંદી માટે સેમસંગ ન્યૂઝરૂમ ભારત પર લોગ ઓન કરો https://news.samsung.com/bharat. તમે અમને ફોલો કરી શકો છો Twitter @SamsungNewsIN

**For further information please contact:**
Varun Sinha
Samsung India
Email: varun.sinha@samsung.com

Deependra Chetri
Adfactors PR
Email: deependra.chetri@adfactorspr.com
Deependra.chetri@adfactorspr.com
Ph: +91 98104 18855